શ્રી જૈનબાળ સંગીત

ગાયન સંગ્રહ.

દ્વિતિય ભાગ.

દોહરો.

દયાધરે જીવ ઉપરે, ઈચ્છે પર ઉપકાર;
જન્મ સફળ થાયે નકી, તિનતે બુદ્ધિપ્રકાશ.

શ્રી જૈનસુધારક બુદ્ધિપ્રકાશ મંડળીને માટે

રચી પ્રસિદ્ધ કરનાર.

એલ. એમ. ચુનીલાલ એન્ડ કંપની.
મહેસાણા.

કિંમત રૂ ૦-૩-૦

શ્રી.

॥ श्री शंखेश्वर पार्श्वनाथाय नमः ॥

૭૩૨૬

જૈન બાળ સંગીત ગાયન સંગ્રહ.

દ્વિતિય ભાગ.

દોહરો.

દયા ધરે જીવ ઉપરે, ઇચ્છે પર ઉપકાર;
જન્મ સફળ થાયે નકી, વિનવે બુદ્ધિપ્રકાશ.

શ્રી જૈનસુધારક બુદ્ધિપ્રકાશ મંડળીને માટે

રચી પ્રસિદ્ધ કરનાર.

એલ. એમ. ચુનીલાલ એન્ડ કંપની
મેહેસાણા.

સંવત ૧૯૫૫ ઇ૦ સને ૧૮૯૯

અમદાવાદ—"વિજય પ્રવર્ત્તક" પ્રેસ.

કિંમત રૂ ૦-૩-૦

અર્પણ પત્રિકા.

રા. રા. ગણુપતભાઇ સરૂપચંદ. પારેખ.
ફર્સ્ટકલાસ મેમ્બર ઓફ વી મહેસાણા.
જૈન સુધારક બુદ્ધિપ્રકાશ સમાજ.
મેહેસાણા.

આપ ઉદાર
અને ગંભીર છો. ને
શ્રી જૈન ધર્મ ઉપર આપ-
ની પૂર્ણ આસ્થા છે. તથા આપ
પ્રેમાળ વૃત્તિથી તેને સદૈવ્ય નિહાળોછો
એવા આપના ગુણોથી આકર્ષાઇ "શ્રી જૈન
બાળ સંગીત ગાયન સંગ્રહ દ્વિતિય
ભાગ" નામની પદ્યમાલિકા અ-
મો આપનેજ અર્પણ કરી-
એ છીએ. તે સ્વી-
કારશો.

મેહેસાણા
તા. ૨૧-૫-૯૯

લલ્લુભાઈ ઉમેદચંદ શાહ.
માણેકલાલ કાળીદાસ શાહ.
ચુનીલાલ અમરચંદ હરડે.

શ્રી.

ઉપોદ્ઘાત.

આ લઘુ પદ્ય લેખના ઉદ્દેશ વિષે તેના પ્રથમ ભાગની પ્રસ્તાવનામાં ટુંકામાં સ્પષ્ટતાથી કહેવામાં આવ્યું છે. એટલે અત્રે તેની પુનરૂક્તિ કરવાની જરૂર ધારી નથી.

તથાપિ એટલું કહેવાનીતો સ્વભાવિક ઉત્કંઠા ઉત્પન્ન થાય છે કે, સંસાર તાપથી દગ્ધ થતા અંતઃકરણને કેવળ શાંત કરવારૂપ શ્રી જીનેશ્વર પ્રભુની સ્તુતિના પદરૂપ મણિકાની આ માળા છે.

તેથી અને આનો બીજો ભાગ બહાર પાડવા શ્રી મેહેસાણા જૈન સુધારક બુદ્ધિ પ્રકાશ મંડળીના કેટલાક સભ્ય મેમ્બરો, ને અન્ય સ્વધર્મી ગૃહસ્થો તરફથી સુચના થવાથી આ પદ માલિકા શ્રી જૈન સમૂહની શેવા અર્થે બહાર પાડવામાં આવી છે.

તેથી સ્વધર્મીઓ જો આનો કિંચિતપણ ઉપયોગ કરશે તો અમે કૃત્ય કૃત્ય થઈશું.

શ્રી મેહેસાણા જૈન સુધારક બુદ્ધિપ્રકાશ સમાજમાં આના પ્રથમ ભાગનો સદુપયોગ થયેલો જોઇ, તથા જુજ મુદતમાં એની બહુધા પ્રતો ખપી જવાથી, તેના બહોળા પયોગ તરફ સ્વધર્મીઓનું સુલક્ષ ખેંચાએલું અવલોકી અમને અત્યાનંદ થાય છે.

એ સમાજના શીક્ષક મી. કેશવલાલ ગોવિંદરામે "વિદ્યાર્થીઓને કેળવવામાં" સારી મેહેનત લીધી છે. તે મુજબ તેઓ પોતાની શીક્ષક તરીકેની ફરજ અદા કરશે એવી આશા રાખવામાં આવે છે.

આ ગ્રંથિકા જાહેરની સેવામાં મુકવા અગાઉ રા. રા. ગણુપત-ભાઇ સરૂપચંદ પારેખ, મહેસાણાના એમણે ઉદારતાથી અમને સારો આશ્રય આપ્યો છે, તેથી તેમનો ઉપકાર માનીએ છીએ.

મનુષ્ય કૃત્ય સર્વદા ભુલને પાત્ર છે. તેથી ને કેટલાંક કારણોથી પુસ્તક ટુંકી મુદતમાં બહાર પાડવાનો પ્રસંગ આવેલો હોવાથી પુરતી કાળજી રાખ્યા છતાં કંઇ ચુક થઇ હોય તો વાંચક વૃંદ પાસે તેની ક્ષમા ઈચ્છીએ છીએ.

મુ. મેસાણા.
વઇશાખ સુદ ૧૧
સંવત ૧૯૫૫
તા. ૨૧-૫-૯૯.

એસ. એમ. ચુનીલાલ.

એન્ડ કંપની.

श्री

॥ श्रीशंखेश्वर पार्श्वनाथायनमः ॥

શ્રી જૈન બાળ સંગીત ગાયન સગ્રહ

ભાગ ૨ જો.

(૧)

(રાગ કલ્યાણ.)

જય-જય-જય કા ... ... રી.
લળી લળી જાઊં વા ... ... રી. જય.
મહાવીર સ્વામી મુરત પ્યારી,
આનંદ આનંદ થાય ભા ... ... રી. જય.
દર્શન કરી નીત્ય જીન ગુણ ગાતાં
પ્રણમું પ્રેમે છે બલીહા ... ... રી. જય.
પ્રસન વદન તુજ નયને નીરખતાં
પાતિક દુર જાય ભા ... ... ગી. જય.
ભટકી અનંતા ભવ ભ્રમણામાં
આવ્યો શરણે લ્યો ઉગા ... ... રી. જય.
જૈન બુદ્ધિની આશા પુરજો

કૃપા કરી ટાળો ખા ... ... મી. જય.
વિનવે ચુનીલાલ જીન ગુણ ગાતાં
ફળશે આશાવંદે પ્રભુ શીરના ... ... મી. જય.

---

(૨)

નમું પદે પ્રભુસુમતિને—એરાગ.

નમું નમું શ્રી ચિંતામણીને
શાંતિનાથ સદા મન સમરૂં, શરણ પ્રભુજી તમારૂં
પુજાું પાયે, જોડી હાથે, કાપો કુમતિને. નમું.
અર્જ કરૂં દીનાનાથ, સહાય કરજો શ્રી જીનનાથ,
સુધારકને સંભાળ, પામર પ્રાણી અમે બાળ;
રૂમક ઝુમક છુમ ઝાંઝરવાજે
તાળ સંગ આનંદે.
જયકારી, લ્યો ઉગારી, આપો સુમતિને. નમું.

---

(૩)

ગાગરનો ભાર છે કે, સાગરને એ જીતી જાશે.-એ રાગ.

જુઓ આ પ્રાણ, એ તો ઝાકળ સમ પલટાઈ જાશે
હામને દામ રહે એક ઠામ, એ શું કોઇ જન ખાશે,
જાતું છે સૌને જુદા, મારગ છે સૌને જુદા;
ખાલી દમામ, રાખે, સાથે શું એ લઈને જાશે,

ગમારમાં ગણાય, પોતે પાછળથી પસ્તાવો ખાશે: જુઓ.
સાથે રહે એક જીનનામ, ધરજો એક ચિત્તે જીન ધ્યાન,
મેહેશાણા જૈન સુધારક, ગુણ જીનના ગાશે;
વંદે સૌ સાથ ચુનીલાલ, ભવજળ પાર આશે.. જુઓ.

---

(૪)

રાજ રાજે ચોહાણનું આજે પ્રજા છે આનંદમાં. એ રાગ.

શું આ શોભે જીણંદનું, આજે વદન છે આનંદમાં;
પાળક તમેછો સૃષ્ટિ સકળના, પડ્યોછું મોહ જાળ ફંદમાં. આજે.
આપદા હરી લઈ, શરણ શરણ દઈ;
આનંદે તાળી દઇએ હાથમાં,— આજે.
જૈન સુધારક બુદ્ધિ પ્રકાશક;
ગાવે છે જીનપદ રાગમાં.— આજે.
તેંજસ્વી કાંતિ ચુનીલાલ નીહાળી કહે,
દર્શનથી દિન જાય શાન્તિમાં.— આજે.

---

(૫)

ગાઉં મારે લહેરમાં.—એ રાગ.

રટો નામ મનમાં, ભાઈ જીનવર જય આનંદકારી;
મનવચ કાયે કરી, ભજો નિત્ય ભાવ ધરી.

ગાઇએ ગુણ દા'ડી દા'ડી.— જીનવર.
છબી સુખમય છે તારી, ઉપકારી જાઉં વારી;
ગાઇએ ગુણ દા'ડી દા'ડી.— જીનવર.
નમે ચુનીલાલ તારી, ખરી આશ દિલ ધરી;
ગાઇએ ગુણ દા'ડી દા'ડી.— જીનવર.

---

(૬)

ડરમાં તું દિલ સાથ છોકરા.—એ રાગ.

કરો કરૂણા નેમનાથ, મુજપર કરો કરૂણા નેમનાથ;
વિનવે મળી બાળ સંગાથ, દિનજન વદે જોડીને હાથ.
પાયે પડી હું પુજું નાથ.— મુજપર.
જય જયકારી, ને સુખકારી;
મંગળ મુરતિ, મંગળકારી.
મંગળ છે, જગનાથ તમારી;
પુષ્પ ગ્રહી નૈવેદ, થાળમાં લાવી.
અક્ષત પુષ્પથી પ્રેમે વધાવી,
(ધર્મથીજ સૌનું રક્ષણ થાય છે,
અને ધર્મમાંજ મંગળ કરવાનો ગુણ છે.)
(ત્યારે પરમાર્થ કરી જગમાં નામ કરી લ્યો.)
હાંહાં પરમાર્થ વગર સુંસાથ, અને વળી ધર્મ રહે સંગાથ.
મુજપર.

---

(૭)

ગરબો.

કેવી શોભેરે, શોભે છે રાત, પુનમ ચાંદનીરે. (૨)
રૂમઝુમ નાચોને સૈ સાથ, (૨) તાળી લઇને એ હાથ; (૨)
ગુણ ગાવોરે, ગાવો, ગાવો, ગુણ ગાઇએરે. (૨)
પાર્શ્વનાથ તણા આજ, પાતિક ટળે સરે સૈ કાજ;
ભાવો ભાવોરે ભાવે ભાવો, ભલી ભાવનારે. (૨)

નમું નમું હું તને એક ચિત્તથી;
ભજું ભજું હું તુને પુર્ણ ભાવથી.

ભક્તિ કરૂં હું સદા તાહરી, પારશનાથ તણા ગુણ ગાઇને;

દુહો } શુંદિર આંગી શિરોમણી, ચુનીલાલ વદે સૈ સાથ.
અંતે અવિચળ એજ છે, ભાવે ભજીએ નાથ.

સેવો સેવોરે, સેવો સદા, આનંદ ઉર આણીને—કેવી શોભેરે.
પાયે પડી પુજું હું નિત્ય ચરણે,
આવ્યો આ બાળક આપ શરણે.

બુદ્ધિપ્રકાશ આપ આશરે, વિધ્નો નિવારો એવી અર્જ ઉચરે:

દુહો } દુ:ખ દરિયામાં ડુબતો, આવ્યો શરણે આપ;
હું અપરાધી બાળ છું, કરો સેવકને સહાય.

તારો તારોરે, તારો મુને, આ ભવ ફંદમાંથીરે.—કેવી શોભેરે.

(૮)

બોલાવે છે બાળુ તું કોને, જવાબ કોઇ દેનાર નહીં. એ રાગ.

જાણી જાણીને ભમીએ ભવમાં, જાણીને પડીએ ભવકુપમાં;
અરે હું, શું કરૂં, વિસરૂં, શું બધું.
ફસી પડયો ફોકટ ફંદમાં,
જગમાં જનમી જેણે ન જાણ્યો, જૈન ધર્મ જયકારી છે:
પગલે, ડગલે, સઘળો, વિસરે.
હેવાન સમજે નવ જનમ્યો,
અંતરજામીને જયકારી, અન્ય ખોટું છે જીન નામ ખરૂં:
અરે શું ? કોણ હું ? કોણ છું ? કયાં જવું ?
મોહી પડયો શું ભવ વનમાં.
હરતાં ફરતાં મનમાં તનમાં, રટીએ શદા ઉમંગ ધરીએ:
અરેરે ? શું થશે ? જીવ આ, કયાં જશે.
સમજ સમજ સત્ય શું છે આખરે,
જૈન સુધારક બુદ્ધિ પ્રકાશક, વંદે ચુનીલાલ તુજ ચરણે;
શરણે, ચરણે, ભજશે, રટશે,
ગાઇએ ગુણ ભાવે જીનપદમાં.— જાણી.

---

(૯)

પ્રભુ પાર્શ્વ મુરત પ્યારી—એ રાગ.

શાંતિ નાથ સદા તારી, લાગે મુરત મુજ પ્યારી;
પાપ પુંજનો રહ્યો ન પાર, અગણિત અસંખ્ય અપાર,

ટાળી પાપ કરો સંહાર, અરે આવાર, અરજદિલધા. ... રી.
સુજ ગુંથાવી શીર ચડાવું, ચડાવું સુંદિર હાર,
વિવિધ પુષ્પતણારે અપાર, અરે આવાર, અરજં દિલધા .. રી.
ભક્તિ કરૂં સદા નાથ તુમારી, નેહે નમે નરનાર,
આ સંસાર છે તું તારનાર, અરે આવાર, અરજ દિલધાં... રી.
જૈન સુધારક બુદ્ધિ પ્રકાશક, વિનવી કહે કરો પાર,
છો મંગળ જગદાધાર, અરે આવાર, અરજ દિલધા. ... રી.
ચુનીલાલ ગુણ ગાવે સદા તુજ, પ્રણમી વારંવાર,
આજે થયો છે જય જયકાર, અરે આવાર, અરજ દિલધા. રી.

---

(૧૦)

રંગમાં ઝુલે—એ રાગ.

રંગમાં ભુલે અને હાંરે રંગમાં ભુલે,
મદ્ મોહ ધરીને ભુલે;
સંસારી સુખમાં લીન બનીને, રાજી રહે ચકચુર,
તિર્થંકર મન કદિન આણે, રટણ કરે નહિં ઉર. રંગમાં.
ચેતો ચેતો મન વિચારો, ફોગટ કરીએ ફંદ,
ભવવન ભટકી પાર ન આવે, તોડો કર્મના બંધ. રંગમાં.
ભક્તિ કરીએ ભાવ ધરીને, જેથી મળે સુજ્ઞાન,
ચુનીલાલ આ અર્જ ઉચારે, બુદ્ધિ પ્રકાશ કરે ગ્યાન રંગમાં.

---

(૧૧)

જપતી પ્રીતમની જપમાળ—એ રાગ.

રસીલી મુરર્તિ છે જીનરાજની એ છે છેલ છબીલી,
સુંદીર શી નયનની છટા અલબેલી;
વિનવે જૈન સુધારક મંડળી ગુણ ગાતી ગાતી,

સાખી
ધન સંચય ભેગો કરી, મદમાં થઇને અજાણ.
ભોગવ્યું નહિં દીધું નહીં, જાય પછીથી પ્રાણ.
દીધું જે હાથે આવે સાથે રહી ચાલી—વિનવે.

સાખી
તન મનમાં રટીએ સદા, ધરીએ નહિં ગુમાન.
ટેકી ચીતમાં રાખીએ, વળી તજીએ અભિમાન;
વંદે ચુનીલાલ આજે જીનગુણ ગાઈ— વિનવે.

---

(૧૨)

રાગ હોરી.

પ્યારે જીન નામ સમરલે
આ અવનીમાં હું અથડાયો, સાર નહિં જગ માંહી,
ભટકી ભવો ભવ પારન પામ્યો, ભાવે ભજું મન માંહી
આનંદ ઉરમાં છવરાઈ—પ્યારે.
નૃત્ય કરૂં જીનવર તુજ આગે, બાંધી ઘુઘરા પાયે,
જૈન સુધારક છે તુજ શરણે, સુલભમાં સુખ થાયે;
ચુનીલાલ લાગે છે પાયે—પ્યારે.

---

(૧૩)

ટોળે મળ્યાં નરનાર નગરનાં—એ રાગ.

દુઃખી દુનિયામાં સુખ માની હું, ભજ્યો ના ભાવે મારૂં શું થશે જીનરાજ.
ભવો ભવ ભટકી પાર ન પામ્યો હું, સેવા ન કીધી મારૂં શું થશે જીનરાજ.
માનવ દેહ વળી જૈન ધરમ જોગ, અવસર ફરી કયારે મળશે હે જીનરાજ.
પામર પ્રાણી તારા શરણે રહ્યો હું, સેવકની આશ પુરી કરજો હે જીનરાજ.
અપરાધો ટાળી પાતિક સર્વે નિવારી, ભવો દધિપાર ઉતારો હે જીનરાજ.
જૈન સુધારક ભાવે જીનગુણ ગાશે, વંદે દીનદાસ ચુનીલાલ હે જીનરાજ.

---

(૧૪)

જાગી જોનેરે તું જીનવરનું ભજન કરી લે,
તું ભજન કરીલે (૨) જાગી.
ભમીએ શાને ભુલી ભવ ભ્રમણામાં જાગી.
ધન જાય, સરવે જાય, જીવતર જાયં જાય જાય જાગી.

(એમકે ? હા, ખરૂં આ સંસારતો દુઃખ રૂપી દરિયો છે પણ કોને સુઝે છે.)

સંસાર સાગરે હું અથડાગો કોણ હવે તારનાર
જ્યાં જ્યાં જોઇએ ત્યાં આ અવસરમાં સ્વાર્થની મારામાર,
(હા, એ પણ સત્ય છે. અને વળી)
ધર્મ નીતિની મીઠી મઝા ખૂવે, એવા ઘણાક ગમાર
સંસાર સાગર માંહી તણાઈ, ફંદામાં સઉ ફસનાર
(ઠીક, હવે પુણ્ય પાપની સાધારણ રીતે ગણના કરતાં આવડેછે?)

(હા. પુણ્ય રત્નને પાપ કાંકરો, પછી)
(પુણ્ય આમ્રને પાપ આકડો)
મારૂં મારૂં કરીએ તેમાં કોઈનું નથી તલભાર ભમીએ.

---

(૧૫)

નેમ નામ કાજ થાયે સફળ ગુણ ગાવો સાહેલીયાં
(૧) રાજેમતિ ત્યાગ કીધી શા કાજે ફેરવી રથ વળ્યા પાછા શા માટે કહીદેને હેવાલ
(૨) ... ... અરે સુણ વાત
પશુનો પોકાર, દયા ઉર ધારી—સાહેલીયાં નેમ નામ

---

(૧૬)

ગાજે ગગન ધરરર ગગન ધરરર—એ રાગ.

વાગે ઝાંઝર ઝનનન, ઝાંઝર ઝનનન;
ઘુઘર માળીઓ ધનનન.
થાય ઘુમ ઘુમ છનનન (૨) થૈઇ થૈઇકાર થાય થનનન;
ભાવે ગાઇએ ભાવે ભજનન, સુખી થઇએ સાથે સનનન. ઝાંઝર.

દુહો } સુખી સદા દુઃખી નહીં, કોઇ જગમાં રહેનાર;
ધર્મ ટેક સાથે રહે, જન્મ્યું છેજ જનાર.

વિધવિધ પુષ્પના હાર, હેતે સોહાવું રે;
પ્યારા પ્રીતમ જીન વરને, પ્રીતે પહેરાવું રે.

ટુંક } જીન પત્તિના ગુણ ગાઇને, ચરણે નમે ચુનીલાલ:
ટુંક } બુદ્ધિ પ્રકાશ સાથે મળી ભાવે ભજે આ બાળ.

તારનાર જગત માંહી જીન પતિ રે,
શાંતિનાથ વદન મહીં સકળ શાંતિ રે:
દર્શનથી દિન જાય, શાંતિમાં. —તારનાર
ગાવો જીણંદજીને, પુજો પ્રીતમજીને,
ભુલે શું આશામાં, ફસે છે ફાંસામાં:
ભુલે શું આશામાં (૨) —વાગે ગાજન.

---

(૧૭)

કાનુડો ન જાણે મારી પ્રીત—એ રાગ.

નેમજીન સુણો મારી અર્જ, વીનવે રાજુલ નારી રે:
અનેક જાદવો સાથે, જાન શણગારી વાલા:
પ્રીતી લગાડી શાને ત્યાગી કરી હાય. અરરરરરરરે.—નેમજીન.
આઠરે ભવની મારે પ્રીતડી લાગી વાલા.
નવમે તરછોડીને શીદ જાઓ. ચીત્ત-ચરરરરરરરે. —નેમજીન.
જાણ્યું મેં આપ ભોગી એહા શું થઇને જોગી.
કાળજડું કંપે મારૂં હાય કંપે.-કરરરરરરરે. —નેમજીન.
તોરણે આવી શીદ ચાલ્યા તરછોડી વાલા.
પીંજર પશુનો સુણી પોકાર થાયે.-અરરરરરરરે. —નેમજીન.
રથરે ફેરવીઓ પાછો દીલમાં બહુ ખેદજ વસીઓ,
ઉગાર્યા પશુઓ અપરંપાર નાઠા.-ખરરરરરરરે. —નેમજીન.
તપના કારણે રાજુલ ચાલ્યાં ગીરનારે ને,

વરસે વૃષ્ટીની ધારા ઝરમર વરસે ઝરરરરરરરરે. —નેમજીન.
પંચાવન દિવસે કેવળ જ્ઞાન પ્રગટીયું ને,
મોક્ષ ગતિ પદ પામ્યા ગુણ ગાઊં ગરરરરરરરરે. —નેમજીન.
જૈન સુધારક તારા શરણે સદાની વાલા,
પ્રણમે છે પાયે ચુનિલાલ તારો તરરરરરરરરે. —નેમજીન.

---

(૧૮)

ચલરે ગાગર એ રાગ.

ચલરે ચેતન ચલરે ચેતન મંદિર જઇએ;
જીન ભક્તિ સુખકારીરે પાવન થઇએ;
આ અસાર ચક્રમાં શું જાણીને નાચે,
મોહ જાળમાં પડયો શું જાણીને રાચે;
ધરમ પરમ સુખકારીરે પાવન થઇએ,
વાહ–વાહ–વાહ–આજ પાવન થઇએ. —ચલરે.
વિષય અંધમાં પડયો શું જાણીને મહાલે,
વિચાર વિચારી જો તું કાળ ઝટ ઝાલે:
જીનજી છે જયકારીરે--પાવન થઇએ,
વાહ–વાહ–વાહ–આજ પાવન થઇએ. —ચલરે.
સુધારક શુદ્ધ ચિત્તે ધ્યાન ધરી ગાવે,
જીન નામ ભજે સદા ધ્યાન ધરી ભાવે;
ચુનિલાલ વદે લ્યો ઉગારીરે પાવન થઇએ,
વાહ–વાહ–વાહ–આજ પાવન થઇએ. —ચલરે.

---

(૧૯)

કોય મોય જાની રંગીલી મીલાય દે—એ રાગ.

આજ કાલ, જાવું, જાવું તે જરૂર છે,
જાવું જરૂર નક્કી જાવું જરૂર છે. —આજ.
જળ પરપોટો ફુટે તરત જેમ, પ્રાણ પલકમાં જાય;
મનની સઘળી રહેશે મનમાં, ચતુર ચેતી જાશે જરૂર છે.—આજ.
દરિશન કરશે, ભાવે ભજશે, ભવસાગરમાંથી એ તરશે;
જન્મ મરણનો ફેરો ટળશે, સત્ય નથી કાંઇ સંસારે;
મોહ માયા કષ્ટકારી, અસાર સંસાર માંહી. (૨)
જાવું જરૂર અહા, જાવું જરૂર;
જીનવર નામ, અચળ પદ ઠામ; (૨)
નમો નમો નમો શાંતિ નાથ સુખકારી છે;
ભજો ભજો ભાવે, જીનવર જયકારી છે. —આજ.
જૈન શુધારક બુદ્ધિપ્રકાશ આજ, મૃદંગ તાળ સંગ ગાય:
દરીશન કરતાં વંદે ચુનીલાલ, જન્મ સફળ સઉ થાસે જરૂરછે—આજ.

---

(૨૦)

અટકાવું ગૌવધ જયાંય—એ રાગ.

શું કરીએ (૨) આ જગમાંય, જરી સમજી લોને મનમાંય:
જેમાં પ્રગટી આ કાય, તેમાં તે ઝટ મળી જાય.
સુખ સું જોઇને અથડાય, જેતાં દુઃખ સરવે જણાય;
જુઠી માયા, જુઠી કાયા, જુઠી જાયા;
જુઓ જગતમાંય—જરી સમજી.

નિત્ય મારૂં મારૂં કરીયું, ધન અસત્યથી બહુ ભરીયુ:
નહિ શુભ માર્ગે વાપરીયું, મોહ પાસે મન તો ફસીયું:
કર્યું વાહ્યું, જતું ઠાલ્યું, દેઈ તાળું;
મૂકી જગમાંય—જરી સમજી.
શુદ્ધ આવી હવે વળી સાન, સુધારક કરે ગુણ ગ્યાન;
ચુનીલાલ ધરે જીન ધ્યાન, છે શરણે ભજે ભગવાન;
મુગ્ધ છું નાથ, ગ્રહીને હાથ, બચાવો નાથ;
જગતની માંય—જરી સમજી.

(૨૧)

રાગ—આઠ.

હુ નમું છું શ્રી જીન નામને, હસ્ત જોડીને આ વાર;
અવરાયો અમ આત્મા કરમે, કેફ લગ્યોછે ગ્નાન;
શુદ્ધ કરી એ કેફ ઊતારો, સમજાયો હવે વળી સાનરે: હસ્ત,
ગ્નાન દશા મમ જાગૃત કરીને, સમજાવો સત્ય સ્વરૂપ;
સાગર તારણ દુઃખ નીવારણ, પડયો છું ભવ અંધકૂપ રે, હસ્ત,
જૈન સુધારક સ્તુતિ બોલે, ધર્મ નીતિને સહાય;
ભાવે વંદેજીન ગુણ ગાવે, માગે ચુનીલાલ સહાય રે, હસ્ત.

(૨૨)

શ્રી શાંતી, શ્રી શાંતી શ્રી શાંતી શ્રી શાંતિનાથ નમીએ;
શરણે સુધારક નાથ નાથ શ્રી શાંતિ;
છે જુઠી આ કાયા, આ કાયા આ કાયાને વળી માયા—શરણે,
મેં માન્યુ આ મારૂં, આ મારૂં આ મારામાં મન ફસીયું.—શરણે,
હવે જાણ્યું જવું ઠાલું, જવું ઠાલું જવું ઠાલું આ જગમાંહી—શરણે,

નમું ચરણે, નમું ચરણે, નમું, ચરણે નમું ચરણે એકચ્યારે. શરણું.
મુને તારો, મુને તારો, મુને તારો, મુને તારો ભવસાગરથી
વિનવે છે ચુનીલાલ આબાળ "આબાળ" શ્રીશાંતિ નાથ નમીએ.

---

(૨૩)

હો ચાલો, ધીરે ધીરે ધીરે ચાલો સુંદરીરે.—એ રાગ.

હા ગુણ ગાવો, ગાવો, ગાવો, ગાવો જીન પતિરે,
જૈન સુધારક પ્રણમીને ઓજીન, પુષ્પથી પ્રેમે વધાવે —ગાવો.

બોલો જયજય (૨) શ્યામસુંદર શ્રીનેમ જીણંદની.-બોલો.

ચટપટી લાગી તારી પ્રીતમાં, નીરખી સુંદીર શ્યામ;
પ્રણમે છે ચુનીલાલ ચરણમાં, મન વાંચ્છીત મળે ધામ.-આહા મુને.
ચતુર નર ચેતી લેને તું ભમે શું,
સફળ કરો જીંદગી ફોગટ ફરે શું. —ચતુર.
*સગુ કુટુંબી કોઇ નહી સંગી, સત્ય સહાયક જીનરાયે—આવોજીન.

---

(૨૪)

મદન પડયો કેડેરે—એ રાગ.

નીંદ ગઇ ન તારીરે, ચેતન ચેતીલે કાંયરે-નીંદ,
જોબન ધનને જાણે સપનું, આ જીવતર ઓછાં આયરે, નીંદ;
કરણી તેવી પાર ઉતરણી, નક્કી સમજ મન માંયરે, નીંદ.

---

(૨૨)

માયા મેલીદો સઘળી હાંહાંરે માયા મેલીદો (૨)

કોઈ નહીં સંગી, ભાવે ભજો જીનરાજ,
'નવ નવ રંગે, નવ નવ રંગે:
જીનવર પદને–ગા–ગા–ગા,
રંગે, ચંગે, અતિ ઉછરંગે,
જીનનામ ભજને–"વ્હા-વ્હા–વ્હા-માયા".

---

(૨૫)

આમ વાંક વગર વીરા મારે છે શું—એ રાગ.

૧ } આમ ખાલી દમામ શાને, દાખવે છે તું !
કાંઇ સાથે નહીં આવે મન, ધારે છે શું.!

૨ } ભુલી ભાન ભમું મોહ મહી રાચુછું હું,
મદમાં રહી હવે પસ્તાઉંછું હું;

૧ } જોને જયાં ત્યાં, ખાલી ફાંફાં, જીનજી તારે, પાર ઉતારે,

૨ ... (ત્યારે શું ? મોહ માયાજ દુષ્ટ કર્મ કરાવે છે ?)
૧ ... (બેશક, અને એજ ધર્મને વિસરાવેછે?)

(૨૬)

શું કામ તણી બલીહારી—એ રાગ.

હે જીણંદ મૂરત જયકારી એ સહુને સુખદેનારી,

શ્રાવિકા } રાચી રહે લક્ષ્મી મહીં, ગર્વ ધરીને છેક;
અંધબની નાચી રહે, રાખે નહીં કંઈ ટેક—હે જીણંદ,

શ્રાવિકા } નથી લક્ષ્મી થઇ કોઇની, કરે નહીં સંગાથ.
નથી બીજી કોઈ ચીજ, મરણ સમે રહે સાથ—હે જીણંદ,

સાખી — ધર્મ, કર્મ, સુકૃત્યને, પુણ્ય દાનથી રંગ:
મરણુ પછી પણુ નીત્ય એ, તોડે નહીં સંબંધ—હે જીણંદ,

સાખી — રાત દિવસ હૃદયે ધરી, ચિત્તે ધરો નિત્ય ધ્યાન.
અધિક સુખ આપે વળી, જીણંદ ગુણુનિધાન—હે જીણંદ.

સાખી — જૈન સુધારક મંડળી, પ્રણમે આણી વાલ:
દિલભર દર્શન દેખીને, ધ્યાન ધરે ચુનીલાલ—હે જીણંદ.

---

(૨૭)

હાંરે મોરી લાગી સજનસેં લગનવા—એ રાગ.

હાંરે લાગી લાગી જીણંદસેં લગનવા, હે જીણંદવારે, લગનવા—હાંરે,
કંચનની કાયા આતો મોતથી પરાઈ જાણો:
ભમીએ છે, ભમીએ છે, ભુલીને ભાન—હાંરે.

ભજો, ભજો, ભજો તમે, ભાવે ભજીલો હવે જીન નામ,
જરા જુઓ જુઓ તમે, શાને વળગી રહ્યા હામ દામ:
શાને, શાને, શાને તમે, શાને નાહાની કરોછો ગુમાન,
આજે, આજે, આજે સહુ, આજે ધરીએ ભાવે જીન ધ્યાન.

શાંતીનાથ હૃદયે રહ્યા, ચીત્ત ચુનીલાલ વસ્યા:
ગાઈએ છે—ગાઇએ છે, ગુણ જીન નામ. —હાંરે.

---

(૨૮)

પ્રભુજી તારો વ્હાલો—એ રાગ.

ઝણુંદા તારો વહાલો લાગે છે શૃંગાર,
પ્રભુજી તારૂ વદન પુનમ ચંદ (૨) વાલો, વાલો, વાલો, વાલો-વાલો.
કરણી તેવી પાર ઉતરણી, છે પ્રભુ તુજ આધાર:
શ્રી શાંતિનાથ છે પ્રભુ તુજ આધાર.
પ્રભુજી તારૂ વદન પુનમચંદ (૨);
નાથ નીરંજન હાથ ધરેને, ઉગારો આપ આ વાર:
શ્રી શાંતીનાથ ઉગારો, આપ આ વાર.-પ્રભુજી તારૂ.—વાલો (૫)
જૈન બુદ્ધિ પ્રકાશક વિનવે, ચીત્ત રહો શાંતી નાથ:
પ્રભુ મારા ચીતે રહો, શાંતી નાથ.—પ્રભુજી તારૂ.—વાલો. (૫)
શુદ્ધ ચિદાનંદ આપ સ્વરૂપ, ચુનીલાલ વંદે છે આ વાર:
શ્રી શાંતીનાથ વંદે છે આપ આ વાર.
પ્રભુજી તારૂ વદન પુનમચંદ. (૨) —વાલો. (૫)

---

(૨૯)

મારી પ્યારી અરે શું કરતી હશે.—એ રાગ.

થાયે ભારી પાપ મન તું સમજતો ખરે,
જીનપતિ તારતાર ગતી શી થાશે.—થાયે.
જગતની જાળ માંહી, મોહથી ફસાય શું;
સગાંને સંબંધી, કોઈ તારાં નહી થશે.—જીનપતિ—થાયે.
ભ્રમણામાં શીદ ભમે, શીદને અથડાઈ મરે;
હવેલીને આ બાગ પણ, ધર્યાં તો રહેશે.—જીનપતિ—થાયે.
સવાર્થ નીજ સાધી, પર લક્ષ્મી હરી કપટ કરી:
મતીમંદ થવાથી પછી, પસ્તાવો થાશે.—જીનપતિ—થાયે.

ગાવે ગુણ જીનરાજ, ચરણે નમે ચુનીલાલ;
આ પ્રાણ એક પલક માંહી, ચાલી તો જસે.--જીનપતિ-થાંરે.

---

(૩૦)

મનહર કેવી જોવાજેવી જળમાં લેહેરો આવે છે.—એ રાગ.

શોભા રમણીક જીન મંદિરની અજબ બની જોવા જેવી છે;
મનહર મુરતી પાર્શ્વ જીણંદની, અંતર વસી અલબેલી છે.
કાંન્તિ કેવી આશી ઝગકે છે, એ સઉને મન પ્યારી છે.
દુઃખ હર અને સુખકર, વિઘનને દુર કર.
આફત અમારી હર, અરજી ઉર ધર;
આપ જગ તારનાર, વંદે સઉ નરનાર;
સુમતિ સુધારનાર, કુમતિને ટાળનાર.
સંકટમાં સહાયકારી, ઉપકારી જાઉં વારી;
સુધારક લ્યો સુધારી, પાયે પડે જીન તારી.—શોભા.

---

(૩૧)

બાદોલા બેગે આયોરે—એ રાગ.

આજે થયો આનંદ આનંદરે,
શાંતિનાથ વસ્યા મન માંય. —આજે.
અથડાયો શુખ દુઃખની ખડકે, પામ્યો નહી કાંઈ પાર;
ઝોકાં ખાતો ડુબકી ભરતો, તણાતો ચાલ્યો નહીં સાર —આજે.
ભર દરીઆમાં ગોથાં ખાધાં, ભજ્યો નહીં ભગવાન;

જીનવરનું નહી નામ જપેતે, થાશે ઘણો હેરાન. —આજે.
મેશાણા જૈન સુધારક મંડળી, ભાવે ભજે જીનરાજ;
ચુનીલાલ તુજ ચરણે નમી કહે, તારો ને જગ કીરતાર.—આજે.

---

(૩૨)

ચાલો ચાલોરે સાહેલીઓ સાથ.—એ રાગ.

આવો આવોરે, એ હાંરે આવો આવોરે;
ગાઈએ ગુણ આજ, ભવદુઃખ ખોવાને.
ગાવો ગાવોરે, એ હાંરે, ગાવો ગાવોરે;
તાળી લઈ હાથ, પાતીક ધોવાને.
મેસાણામાં પાર્શ્વનાથ બિરાજે,
કીર્તિ પ્રગટ જેની થાયરે;
શોભા જીન મંદિરની કેવી, શ્રેષ્ટ સઉથી ગણાય.–ભવદુખ ખોવાને.
—આવો.

રળીઆમણા એ ગોળ ઘુમટની શોભાનો નહીં પારરે,
રંગ બેરંગીથી મંદિર શોભે, વર્ણન નવ વર્ણવાય–ભવદુઃખ ખોવાને.
—આવો.

મુરત મનોહર આણંદકારી, દેખી દીલ હરખાયરે;
રત્ન જડિત આંગી જીન અંગે, મુગટમણી શીર હાય–ભવદુઃખ ખોવાને.
—આવો.

પુજા કરીએ વિવિધ પ્રકારે, ભજીએ ભાવે સદાયરે;
ભવસાગરમાં બુડતા તરીયે, દુઃખ સઉ દુરે થાય.–ભવદુઃખ ખોવાને.
—આવો.

ભવો દધીથી પાર ઉતારો, ઉપકારી હે જીનરાયરે:
પુષ્પ ચડાવી ચુનીલાલ નમે નીત્ય,
બુદ્ધિ પ્રકાશ ગુણ ગાય. —ભવદુઃખ ખોવાને.
—આંગી.

---

(૩૩)

જોની વેલી ખીલેલી પેલી બેની. એ રાગ.

જોની આંગી શી આજ બની ભારી,
જીનવરતણી છબી સુખકારી —જોની.
મોહી પડયા તમે શાને,
અસાર આ સંસારે;
ભાવના ભાવીએ ચાલો આવોને,
પળમાં રંક બને ધનવંતા, ધની બને લાચાર.
સમજું થઈ પડીએ સંતાપમાં, સમજો સુખ અસાર;
જીનવર જયકારી,
સંકટમાં સહાયકારી.
ભાવના ભાવીએ ગુણ ગાવોને,
સુખી દુઃખી નિશ્ચે જાણો, સઘળું છેજ જનાર:
કરણી સારી કરીએ તરીએ, ભવસાગર મોઝાર.
વંદીએ આજ, હે જીનરાજ, સુધારક ગુણ ગાય,
દીન દયાળ, આપ કૃપાળ, શરણે છે ચુનીલાલ—જોની.

---

(૩૪)

દેખ્યા ભાઇ દુઃખના—એ રાગ.

આજે થાએ આનંદ આનંદ હો,
આજે૦ થાએ આનંદ આનંદ;
દરીશન પામ્યો હુ પ્રેમે શ્રી જીનરાજનાં,
ટળે મારાં પાતીક સઘળાં હો. (૨)
સંસાર ચક્રના ચકડોળ માંહી મહાલતા,
સગાં સઉ સ્વાર્થ સુધીનાં હો; (૨)
વિસારે ધર્મ મૂરખ જગ માંહી રાચતા,
સુકૃત્ય કંઇ કીધું નહીં, પુણ્ય દાન દીધું નહીં.
ઠાલે હાથે અવતરી, આ જગતમાં જાવું સહી—આજે,
જૈન સુધારક અને પાયે પડી નમીએ અમે;
ખરો ભરૂસો આપનો, ચુનીલાલને તારો તમે—આજે,

---

(૩૫)

જરા સબુર સબુર કહેને વાત વાલી મારી—એ રાગ.

જાણો જરૂર, જરૂર, જીનવર નામ છે જયકારી,
દર્શન છે દુઃખ હારી, મુરતિ મુજને પ્યારી;
ગુણ ગાઇએ દાડી દાડી,—જાણો,
(હાં રૂમ ઝુમ ઝુમક, નાચો, ઘુમ ઘુમ ઘુમક.
વાદ્ય ઝમ ઝમ ઝમક, એલ, ઠમ ઠમ ઠમક)—જાણો,
શી ખટ પટમાં પડયા ગુંચાઇ, ભુલ્યો ભવ વનમાં ભટકાઇ;
ડાગટ ફાંફાં સમજો ભાઇ, તાળી લ્યોને જીન ગુણગાઇ હાં રૂમ ઝુમ,

જો કરીએ યોગ્યતા જરી, ભાવ ઉરધરી, ધર્મનીજ તાણી,
અરે બહા. બહા, બહા, અને હા, હા, હા;.
(ત્યારે ધર્મની યોગ્યતા કેમ થાય, ?)
(માર્ગાનુસારીના ગુણ ઉત્પન્ન કરવાથી.) –
તો તરીએ, કુકૃત્યથી ડરીએ, પરમ સુખ લઇએ:
અરે હા, હા, હા, હાં રૂમ ઝુમ—જાણો.

---

(૩૬)

મારા હૈયા કેરા હાર નજર ક્યાં આવશેરે.—એ રાગ.

ભમીઓ ભમીઓ ભવસાગરમાં, મારૂં શું થશેરે:
રમીઓ રમીઓ પ્રપંચ દાવે, સગુ ન કોઈ થશેરે.
પરમારથને નહિ પીછાણી, ગુમાન ધરીઓ મનમાં જાણી:
ભટકે જીવ ભમરો આશામાં, ક્યાં જશેરે. —ભમીઓ.

આંબો ત્યાગીશું ભરે, બાવળથી બાથ;
કાંદો વાવી શું કરે, કસ્તુરીની આશ.
કરણી કીધેલી જેવી થાશે દશા,
સત્ય સુખ સારૂ ટાળો કર્મ વાસના;
પળમાં સુખ દુઃખ આવે છે ભારી ભજી લે (૪) આંબો.

સમય આ છે જગમાં જોની, જીનવર ભજીને પરમ સુખ લોની.
આવે કાળ તો ઝાલે ઝટ, નહિ મુકશેરે. —ભમીઓ.
જૈન સુધારક જીન ગુણ ગાવે, ચુનીલાલ શીશ ચરણે નમાવે:
આફત વાદળીથકી પ્રભુ ઉગારશેરે. —ભમીઓ.

---

(૩૭)

માજી બહુ દુઃખ દીઓ મને.—એ રાગ.

સુણો ભાઇ સાર. નથી આખરે,
અસાર સંસાર છે (આ), કોણ બચાવી લે;
ઉગારનાર એક જીનવરને ભજી લે. —સુણો.
રે મન બહુ પસ્તાય, ચામડી ચુંથાય, પાપી છેવટે તો પીલાય.
જીંદગી ઝટ જાય (આ), પસ્તાવો પછી થાય;
ઉગારનાર એક જીનવરને ભજી લે. —સુણો.
જૈન સુધારક બુદ્ધિપ્રકાશક, ચરણ શરણ જાવ;
ચુનીલાલ જીનવરને ભાવે, ભજે છે તારણ એ. —સુણો.

---

(૩૮)

મોરી લાગી લગનવા જીનવરકી.—એ રાગ.

મહા ભાગ્યે મળ્યા છો પ્રભુ આપ કૃપાળ,
આપ કૃપાળ પ્રભુ દીનદયાળ. —મહાભાગ્યે.
ધન્ય દિવસ અને ધન્ય ઘડી છે આજે, જીણંદ પ્રભુ દીનદયાળ.
—મહાભાગ્યે.
જન્મ સફળ થયો નાચો હરખ ભેર આજે, જીણંદ.—મહાભાગ્યે.
છનનન રૂમઝુમ ઝુમ છનનન ગાજે, જીણંદ. —મહાભાગ્યે.
તનનન તોમતોમ, તોમતનનન થાયે, જીણંદ. —મહાભાગ્યે.

(૩૯)

શાંતિજીન મુરતિ પ્યારી, છે આણંદ મય બલીહારી;
ભ્રાંતિ મમ સઘળી વિરામી, તુજ દર્શન કરી દીલ ધારી.

લખ ચોરાશીમાં ભમીઆ —અરે ભમીઆ,
રસરંગ મહીં વળી રમીઆ —અરે રમીઆ. —શાંતિ.
સાકર ને વિખસમ સમજ્યા —શું સમજ્યા:
મોહ જાળ મહીં શું ફસીયા —શું ફસીયા. —શાંતિ.
વિતરાગ ભજો મન ભાવે —ભજો ભાવે,
ચુનીલાલ સદા ગુણ ગાવે —ગુણ ગાવે. —શાંતિ.

---

(૪૦)

ઓનેકે બાન.—એ રાગ.

જપો જીન નામ, તજી દઈ ખાલી દમામ:
શીદ ધરોછો ગુમાન, ભુલી દુનિયાનું ભાન.
રસરંગમાં ગુલતાન, બન્યા છેક શું મસ્તાન:
થઇ બેઠા હેવાન, શીદ કરો અભિમાન.

જાવા દે તું ફોગટ ફાંફાં, સ્વારથ જગમાં દિસે જ્યાં ત્યાં:
આ ભવમાં ને પરભવમાં, ખચિત છે સુખનાં ફાંફાં,
ખરૂં શું સુખ સંસારમાં, શોધી રટીએ જીન પદ તનમાં—જાવાદે.
કર્યા અતિ અનાચાર, રાચી જુઠો જે પ્યાર,
શોધ્યો નહિ કંઇ સાર, બન્યા હવે લાચાર.
જીનપતિ છો કૃપાળ, દુઃખ દાવાનળ ટાળ:
નિશથીન ચુનીલાલ, વંદે લેજો સંભાળ. —જપો.

---

(૪૧)

વાહ ખુબ બની બની ખુબ બની.—એ રાગ.

વાહ શુ બની બની વાહ બની, આંગી ખુબ અજબ બની જીનરાજી.
મન મોહિની, દયાની ભરી, આપ મૂરતિ, ઝળકે છે;
ઝરરરર ઝગ મગ થઈ રે, હા, હા. —વાહ.
વદન વળી શશી સમછે શોભિત,
મુગટની શોભા શી આ બની. —મન મોહિની—વાહ.
આહા, ધન ધન દિવસ છે આજ, થયાં દરીશન આહા જીનરાજ;
બન્ને મન ભાવ ધરી જગરાય, થાયે આનંદ અતિ ઉરમાંહ.
છું શરણાંગત ચુનીલાલ, અરે જગપાળ;
ખુબ બનીરે સુંદર સરરરરર ઉરમાં ઠરીરે. હા. હા. વાહ.

---

(૪૨)

રાગ હીંડો.

મલ્લીનાથ વંદુ મુરત મનોહારી,
તુજ દરીશન છે સહુને સુખ કારી;
બેઠી બેઠી લેઊં, થાયે આનંદ ભારી.—મલ્લીનાથ.
ભોયણીપુર રૂડું ધામ આનંદકારી,
દશદિશે કીર્તિ પ્રસરી પ્રભુ તારી;
તુજ ભક્તિ સદા જય જય કરનારી—મલ્લીનાથ.
જીનરાજ પ્રભુ આપ છો નિરાગી,
મુને તારી લ્યોને મલ્લીનાથ સ્વામી;

વંદે ચુનીલાલ અરજી લ્યો સ્વીકારી—મલ્લીનાથ.

---

(૪૩)

રસીલી છબીલી નારી—એ રાગ.

જીનવર જયકારી, મુરતિ મોહનગારી,
અજબ અજબ મમ પ્યારી છે.
અધિક રૂપાળી, સુરત સુંદીર:
પ્રાણથકી મમ પ્યારી છે.
વારી વારી જાઉં તુમ બલીહારી છે,
ગુણ નિત્ય ગાઉં સુખ કરનારી છે:
એજ પ્યારી છે. એજ પ્યારી છે.
મંગળ જય કરનારી છે-જીનવર,

---

(૪૪)

જીનનામકું સમરલે આ ભગત પાયાહે—એ રાગ.

નથી આકાયા કોઇની, થઇ અને થનાર.
ભરૂસો શાને રાખીએ, જીવતો ચાલી જનાર—નથી.
અળગાં બનીએ છેવટે, વિખુટાં વળી પડનાર.
કાયા રહેશે અધવચમાં, મુકી પ્રાણતો જનાર—નથી.
રળી કમાઇ મેળવ્યું, ધનના ભર્યાં ભંડાર,
દીધું નહિ પુણ્ય દાનમાં, જીંદગી ગુમાવનાર—નથી.

(૩૪)

જગત સમુદ્ર તારનાર, જીન પતિ છે ઉદાર,
સચ્ચિદાનંદન, ભવ ભય ભંજન, નિર્ગુણ નિરાકાર—નથી.
નીરખી લેજો દ્દષ્ટિથી, પળનો નથી વિશ્રામ,
મન તું સમજીને ભજ ભાવે, મન વાંચ્છિત મળે ધામ, નથી.
ભાવના ભાવતાં ભાવે જીનની, જયો સદા જીન જાપ,
કહે ચુનીલાલ ટળશે તેનાં, ભવો ભવાંતર પાપ—નથી.

---

(૪૫)

છોડો છોડો છબીલા જાઓ હઠો હઠીલા.—એ રાગ.

હઠ કરો રસીલા શીદ ચાલ્યા છબીલા,
મારી તોડો શું પ્રીત બધી આજ. —રસીલા.
તમે રસીક રસીલા નેમનાથ,
વદે રાજેમતિ લ્યો સંગાથ. —રસીલા.
વળો પાછા છબીલા વાલા, કરે કાલા વાલા. મારી
લાગ્યું લાગ્યું પ્રીતિનુંજ તાન,
પાઓ પાઓ પ્રીતિ રસ પાન. —રસીલા.
તું { પ્રેમકુવે ઉતારીને, ચાલ્યા શીદને જાઓ.
તું { વર્ત વાઢયું તોપણ હવે, બચાવી સમજી જાઓ.
મારૂં માનો માનો ને મ્હારાજ,
એમ પોકારે રાજુલ નાર,
ચુનીલાલ ભાવે ગુણ ગાય. —હઠ કરો.

---

(૪૬)

ગરબો.

આવોને આજે, મંગળ કાજે, ધરિએ એક જીન ધ્યાનથી
ગાઇએ ગુણ જીનના રે.
વંદન કરીએ પાર્શ્વજીણંદને, તરીએ ભવસાગરથી.—ગાઇએ.
આંગી બનીશી અનુપમ શુંદીર, વંદીએ ઉરના ઉમંગથી.—ગાઇએ.
પાતિકપાળ ઝટ તુટે અમારી, દરીશનનારે પ્રભાવથી.—ગાઇએ.
ચાલો દર્શન કરીએ આજ, જીનવર જયકારી.
એતો છે જગ પ્રતિપાળ, મંગળકારીજી;
પૂરણ ભાગ્ય આજ આપનું, મળ્યાં નર નારી;
કે પામ્યા દરીશન આજ, જીનવર જયકારી;
ખરો ભરૂંસો ઇશ આપનો, નમો નર નારી;
કરો સેવા જશે જંજાળ, જન્મ મરણ તણી;
જૈન સુધારક બુદ્ધિ પ્રકાશક, વિનવે ઉરના આનંદથી.—ગાઇએ.
ગાવે ચુનીલાલ નિર્મળ ચિત્તથી, વંદે વાર હજારથી,—ગાઇએ.

---

(૪૭)

ગભરાઓ હુંકરવારે, બાઇ આમ મનમાં તમારા—એ રાગ.

કરણી કરાણીરે, માઠી આ જગતમાં મારી,
કપટ ઝપટકરી ચાતુરી ચલાવી;
પ્રપંચ દાવ રમી મતિ બદલાવી,
પાપ કર્યા કારીરે, ગતિમમ કેવી થનારી—કરણી.

કર્યું તે પામવુંરે, જીનવર લેશે ઉગારી,
આશા મહિં જીવ ભમરો ભટકે;
ગુંથાય કુટાયને વચમાં લટકે,
આ પળ પળ વહી જાય છે, ન ખાલી ગુમાવો નકામી—કરણી.
શ્યું થાનારૂંરે, જીનવર લેશે ઉગારી,
દયાની રીતિઓ ઉરમાં ધરીએ;
નીત્ય જીન પતિને પાયે પડીએ,
આ અમુલ્ય તક જાય છે, જીંદગી જાય છે નકામી—કરણી.
જૈન સુધારક શુદ્ધ ચિત્તે ગાવે,
વિનવે ચુનીલાલ અંતરના ભાવે;
ગુણ જીનના ગાય છે, જીનવર લેજો ઉગારી—કરણી.
(ત્યારે ભોગવ્યાવિના કોઈ કર્મ છુટે ખરાં ?)
(હા. હા. ઉપક્રમી કર્મ આત્માની વિશુદ્ધતાથી ખરી પડે છે.)

---

(૪૮)

જય જય જય જય જીનરાજ—એ રાગ.

વિજય, વિજય, વિજય, વિજય થયો છે જીનરાય,
વાહ, વાહ, દિવસ અને વાહ વાહ સમય આજે.
વાહ—વાહ—આસમે—થઇ આનંદ લહેર,
જૈન સુધારક વિનવે છે જીનરાજ—વિજય.
આનંદ વૃષ્ટિ, આનંદ વૃષ્ટિ વરસી રહી જગમાં ચોમેર,
દરીશન થાયે, દુઃખ દુર જાયે—જૈન—વિજય.

હરખે હરખ ભેર, હરખે હરખ ભેર,
ગાઇએ જીન ગુણ ઉમંગ ભેર.
પાતિક ટળશે, ભવ દુઃખ જાશે--જૈન--વિજય,
કાળ અનાદિ (ભવ ભ્રમણામાં,)
ભુલો ભટક્યો ભવ વનમાં.
શ્રીજીન નાયક, સઉ સુખ દાયક,
ચુનીલાલ શરણે તારા છે જીનરાજ—વિજય.

---

(૪૯)

(નાચની ગત.)

સા......સારીગ............રીગમ.........ગમપ.
સાની નીસા..................(૨)
તક તક થૈઇતા......(૨) થનનન થૈઇતા..... ...(૨)
દુહો } રીખભ અજીત મનમાં ધરો, નવ પદનું વળી ધ્યાન;
પાતિક ટળે જપતાં સદા, ભજતાં શ્રી ભગવાન;
નિત્ય સુખ થાયે, દુઃખ સઉ જાયે;
ઝટ દુર થાયે, પ્રભુજી પસાયે—સા............સારીગ.
દુહો } જૈન સુધારક મંડળી, ચુનીલાલ વદે આચાર:
ભવો ભવની ભીડ ભાગશે, જપતાં જીનવર જાપ:
મન હરખાયે, આનંદ ઉર થાયે:
જીન ગુણ ગાયે, અતિ સુખ થાયે—સા.........સારી.

---

(૫૦)

કૃપાદષ્ટી કરો હવે.—એ રાગ.

આનંદ આનંદ ઉરમાં મારા, થાયે આજે અપાર;
વાહ વાહ કરી પ્રભુએ મહેર, દીધાં દરશન કરી હર્ષ ભેર.
થઇ આજે આનંદ લહેર. લહેર (૪) —આનંદ.
જીનપતિની માગું સહાય, આ જીવતર એળે જાય;
ભવ સાગરમાં અથડાય, વાહ. (૪) —આનંદ.
સત્ય સહાયક છે જીનરાય, જીન ધર્મ થકીજ તરાય;
ચુનીલાલ પ્રભુ ગુણ ગાય, વાહ. (૪) —આનંદ

સમાપ્ત.

અગાઉ ગ્રાહક થઇ આશ્રય આપનાર ગૃહસ્થોના શુભ નામોનું લીષ્ટ.

મેહેસાણા.

૩૦૦ રા. રા. ગણુપતલાલ શરૂપચંદ પારેખ.
૧૦ ,, ચુનીલાલ મોહકમલાલ.
૫ ,, બાલાજી ગોવીંદ શીરસ્તેદાર.
૫ ,, લલુભાઇ ભીખાભાઇ વકીલ.
૫ ,, ડાહ્યાભાઇ શરૂપચંદ પટુવા.
૫ ,, અંબાલાલ મોતીચંદ શાહ.
૫ ,, રાજકરણ કેવળ મેહેતા શીરૂતેદાર.
૪ ,, જીભાઈ લલુભાઇ કારકુન.
૫ ,, મનસુખલાલ નગીનદાસ.
૮ ,, હરીલાલ અમીરામ જાની.
૨ રા. મગનલાલ શીવલાલ.
૨ રા. ચકુલાલ ભાઇચંદ.
૨ રા. શીવલાલ ઝવેરદાસ.
૨ ડાહ્યાભાઇ અમુલખદાસ.
૨ રા. કે, એ, ડ્રૉપ્સમૅન.
૨ રા. વાડીલાલ નગીનદાસ શાહ.
૨ રા. નગીનદાસ ઉમેદરામ.
૧ રા. હરગોવીંદદાસ ગવરીશંકર ટ્રેઝરર.
૧ રા. મુળશંકર રણછોડ કારકુન.
૧ રા. શીવલાલ ગોરધન સ્ટૅાપવે.
૧ રા. ચુનીલાલ હકમચંદ મોદી.
૧ રા. વાડીલાલ લલુભાઇ.
૧ રા. અંબાલાલ લલુભાઇ.
૧ રા. મણીલાલ કેશવલાલ.
૧ રા. ચંદુલાલ નગીનદાસ કટોસણા.
૧ રા. ખેમચંદ હકમચદ.
૧ રા. ઓખાભાઇ ઝવેરદાસ શાહ.
૧ રા. મણીલાલ શરૂપચંદ.
૧ રા. જમનાદાસ ચુનીલાલ કટોસણા.
૧ રા. પુનમચંદ હરજીવન.

૫ રા. મનસુખલાલ હાલાભાઇ પટુવા.
૫ રા. રા. મોતીલાલ માણેકલાલ મજમુંદાર.
૫ વકીલ જેસંગલાલ મગનલાલ.
૧ રા. મોહનલાલ હરગોવન.
૧ રા. મણીલાલ દોલચંદ પટુવા.
૧ રા. અમથાલાલ રણછોડ.
૧ રા. ડાહ્યાભાઇ ઘહેલાભાઇ.
૧ રા. બાપુલાલ હકમચંદ.
૧ રા. શરૂપચંદ દલછારાંમ.
૧ રા. મંગુભાઈ શરૂપચંદની કંપની.
૧ રા. મણીલાલ ત્રીભોવન.
૧ રા. હરગોવન ગલાબચંદ.
૧ રા. પુનમચંદ હાથીચંદ.
૧ રા. હીરાલાલ દલપતરામ. કવીશ્વર.
૧ રા. ચુનીલાલ મગનલાલ.
૧ રા. ચુનીલાલ ત્રીભોવન.
૧ રા. નગીનદાસ ત્રીભોવંન.
૧ રા. અમરચંદ વીરચંદ.
૧ ખેમચંદ માણેકચંદ.
૧ રા. મણીલાલ ઘહેલાભાઈ.
૧ રા. પરભુદાસ રાયચંદ.
૧ રા. નગીનદાસ પુનમચંદ.
૧ રા. શીવલાલ રામશંકર પંડયા.
૧ રા. વીઠલ પુજારાંમ કંદોઇ.
૧ રા. છોટાલાલ હરીચંદ શાહ.
૧ રા.ગોતમદાસ ફીલાભાઈ શાહ.
૧ રા. ચતુરદાસ જેઠારાંમ શાહ.
૧ રા. જેશંકર નારણદાસ શુકલ.
૧ રા. જીવણ ગોપાલ ભાવસાર.
૧ રા. અંબાલાલ ચુનીલાલ શાહ.
૧ રા.અંબાલાલ લલુભાઈ પટુવા.
૧ રા. હીરાલાલ જેસંગભાઇ પટુવા.
૧ રા. બેચરભાઇ કરશનદાસ.
૧ રા. મોહનલાલ નારણદાસ સફરી.
૧ રા. ભીખાભાઈ ઉગરચંદ.
૧ રા. ઇશ્વર ઉમેદરાંમ.
૧ રા. સરૂપચંદ મંગળીદાસ શાહ.
૧ રા. મંગુભાઇ હાથીભાઇ પટુવા.
૧ રા. પરસોતમ નાગરદાસ ભાવસાર.
૧ રા. ભીખાભાઇ ગુલાબચંદ.
૧ રા. નરોતમદાસ કાળીદાસ.

૧ રા. મંગુભાઇ છગનલાલ શાહ.
૧ રા. લલુભાઇ બલાખી.
૧ રા. જેઠાલાલ શીવરામ.
૧ રા. ભીખાભાઇ લલુભાઇ વૈદ.

રણુંજ.

૧૬ રા. રા. અમથાલાલ ઝવેરદાસ (મારફતે)
૧ શ્રીજૈન અજીત મંડળી.
૧ રા. લહેરચંદ દોલચંદ ગાંધી.
૧ રા. દીપચંદ ઘહેલાભાઇ શાહ.
૧ રા. મોહનલાલ મગનલાલ ગાંધી.
૧ રા. અંબાલાલ કીલાચંદ શાહ.
૧ રા. ડાહ્યાલાલ ઘહેલાચંદ શાહ.
૧ રા. વાડીલાલ હરખચંદ ગાંધી.
૧ રા. રતનચંદ શાંકળચંદ શાહ.
૧ રા. જેસંગલાલ કરમચંદ શાહ.
૧ રા. મોહનલાલ વાડીલાલ શાહ.
૧ રા. ચતુર સુરચંદ શાહ.
૧ રા. ડાહ્યાલાલ પીતાંબર શાહ.
૧ રા. મોહનલાલ રામચંદ ભાવસાર.
૧ રા. લલુભાઇ હીરાચંદ ભાવસાર.
૧ રા. મોહનલાલ રવચંદ શાહ.
૧ રા. માધવજી કેવળ. શાહ.

વીસનગર.

૧૦ રા. રા. ફતેચંદ પુંજીરાંમશાહ.
૧૦ રા. રા. મનસુખલાલ નહાલચંદ.
૨ શ્રી વિસનગર જૈનોદય જ્ઞાનવર્ધક પાઠશાળા.
૨ રા. હરગોવીંદદાસ ખેમચંદ શાહ.
૧ રા. વીઠલ કીશોર.
૧ રા. બબલભાઇ કેવળદાસ. ગાંધી.
૧ રા. અંબાલાલ હીરાચંદ. શાહ.
૧ રા. શરૂપચંદ હીરાચંદ શાહ.
૧ રા. નાહાલચંદ નગીનદાસ. શાહ.
૧ રા. ખુશાલદાસ મગનલાલ.
૧ રા. હરગોવનદાસ મંછારાંમ. પદુંવા.

૧ રા. ભોગીલાલ મોતીભાઇ.
૧ રા. નગીનદાસ મગનલાલ.
૧ રા. સરૂપચંદ મંગનલાલ. પડુવા.
૧ રા. ફકીરચંદ મોતીચંદ.
૧ રા. મંગુલાલ હરીચંદ.
૧ રા. ભીખાભાઇ પરભુદાસ.
૧ રા. હરગોવનદાસ છગનલાલ.
૧ રા. બલાખીદાસ વીરચંદ. વહોરા.

પેથાપુર.

૧ રા. મનસુખલાલ નાંનચંદ. ગાંધી.
૧ રા. મનસુખલાલ લલુભાઇ. શાહ.
૧ રા. દલસુખ મગન ગાંધી.
૧ રા. ભીખાભાઇ પોપટલાલ. શાહ.

અમદાવાદ.

૧૦ રા. રા. ચુનીલાલ પ્રેમચંદ. મહેતાની કંપની.
૨ રા. જેઠાલાલ કુબેરદાસ કા· રકુન.
૧ રા. મનસુખલાલ પરસોતમ. ડ્રૉપ્સમૅન.
૧ રા. બલાખીદાસ હાથીચંદ. શાહ.
૧ રા. પુંજાલાલ ચુનીલાલ.
૧ રા. રણછોડ ભાણાભાઇ.

પાટણ.

૪ રા. રા. લખમીચંદ ઉજમચંદ.
૧ રા. બકોરચંદ દોલતચંદ. કારકુન.
૧ રા. મોહનલાલ ઉજમદાસ. કંદોઇ.
૧ રા. ઉતમલાલ નાનુભાઇ કંદોઇ.

કાલીઆવાડી.

૪ રા. રા. ખંડુભાઇ દાજીભાઇ. ઓવરશીયરસો.
૧ રા. રા. છોટુભાઇ રામભાઇ. ડ્રૉપ્સમેન.

કમાંણા.

૨ રા. રા. બલુભાઇ મોતીચંદ.

૨ રા. રા. ગોકળભાઇ કરમચંદ.

૨ રા. રા. માણેકચંદ કલઉદાસ.

ઊંઝા.

૨૫. રા. રા. વાડીલાલ મગનલાલ. અને કંપની.

ખેડા.

૧ રા. રા સાકરસી રતનસી. હેડકલાર્ક.

૧ રા. મણીલાલ સાકરસી.

પુના.

૧ રા મોહનલાલ બલાખીદાસ.

૧ રા. શરૂપચંદ મોતીચંદ.

તળેગામ.

૧ રા. તારાચંદ એચરદાસ.

નડીઆદ.

૧ જેઠાભાઇ હાથીભાઇ. કારકુન.

વડનગર.

૫ રા. રા. માણેકલાલ ગોવરધનદાસ. એ. કલાર્ક.

ખંભાત.

૧ રા. રા. સંકરભાઇ હીરાભઇ. ડે. એકાઉન્ટેન્ટ.

ડાકોર.

૧ રા. પરસોતમ કેવળરામ.

ભાંન્ડુ.

૨ રા. રા. શરૂપચંદ પરસોતમ.

રાધનપુર.

૧૦ રા. રા. હરગોવનદાસ પુનમચંદ. શેઠ.

૫ ,, નાગરદાસ પુંજમલ.

સીપોર.

૧ રા. દલસુખરાંમ લલુભાઇ કંદોઈ.

જેરીતા.

૧ રા. વીઠલભાઇ જયચંદદાસ. કંદોઇ.

ખરોડ.

૧ રા. અમથલાલ હકમચંદ શાહ.

ભરૂચ.

૧ રા. જમીઅતરાંમ ધીરજરાંમ આરસોત.

૧ રા. હરવચરાય ઠાકોરલાલ. મુનશી.

સંતોષકારક જાહેર ખબર.

વિશ્વાસ આવે તો આ જાહેર ખબર પુરે પુરી વાંચો, આ કાંઇ ખોટાં ગપ્પાં મારી દેશ બાંધવો ને છેતરવાનો ધંધો નથી.

વિજયવતિ.

પ્રત. ૧૦૦૦

કીંમત ફક્ત આઠ આના. ૦-૮-૦

આ નવલ કથા સ્ત્રીઓ તથા પુરૂષોને વાંચવા યોગ્ય વાર્તાનું પુસ્તક છે. તેમાં સતી સ્ત્રીનો આબેહુબ ચિતાર છે. તથા શૌર્ય અને પ્રેમના તેમાં અનેક પ્રસંગો આવેલા છે. તેમાં દુષ્ટનું દમન અને સત્યનો જય કેવો થાય છે. તેનું દ્રષ્ટાંત ઘણીજ ખુબીભેર આપેલું છે. એકંદરે પુસ્તક વાંચવા લીધા પછી તે પુરૂં કર્યા વિના ચેન પડતું નથી.

આ વાર્તાની ચોપડીની ફક્ત આઠ આના જુજ કીંમતજ છે. ટીકીટ ખરીદ કરનારને દર ટીકીટે એક ચોપડી તો મળશેજ તે ઉપરાંત નીચે દર્શાવેલ ઇનામો-માંથી જેમના કીસમતમાં હશે તે ઇનામ તેમને દર ટી-કીટે ત્રણ આના કરતાં કમી નહીં એવું એક ઇનામ પણ મળશેજ. ૧૦૦૦ હજાર પુસ્તકો ઉપરાંત કુલ ૧૦૦૦ હજાર ઇનામો બતાવેલ છે. તે પ્રમાણે એજંટ મારફતે કીંવા તમારા પોતાના ખરચથી મોકલી આ-પવામાં આવશે.

આવી તક ફરી ફરીને નહીં મળે.

એજંટ થવું હોય તેમણે જલદી લખવું.

- ટાઇમપીસ ઘડીઆળ. ૫
- ગજવાનાં ઘડીઆળ. ૫
- લેમ્પ વીજળીના.... ૫
- હાથે વગાડવાનાં વાજાં. ૫
- છબીઓ ફ્રેમ સાથે કંપ્લીટ..........૨૫
- કાચની ગુલાબદાની.. ૫
- ઘડીઆળના અછોડા.૨૫
- અતરની શીશીઓ..૧૦
- ફેનશી પ્યાલા રકાબી સાથે..........૫૦
- વિલાયતી તાળાં....૧૦
- ફેનશી વીંટીઓ.....૨૫
- હૅન્ડકરચી ફસફેસનેબલ............૧૦૦
- ખમીસના બટનની જોડ.............૫૦
- ઊત્તમ ગ્રંથકારનાં પુસ્તકો..........૫૦૦
- ગંજીફા ઊંચા મેકરના.....૨૫
- બ્રસ ૨૫
- કાચનાં ફેશનેબલ રમકડાં....૩૦

બનતા સુધી બહુજ જલદીથી ઇનામ તથા પુસ્તક પ્રગટ કરવામાં આવશે. પરંતુ યાદ રાખવું કે કોઇ પણ પ્રકારનો સ્વાર્થ રાખ્યા વીના આ ઇનામ આપવામાં આવશે.

આ ઇનામ મેહેશાણાના આગેવાન ગણાતા વેપારીઓ, વકીલો, શિક્ષકો, અમલદારો, વગેરે આબરૂદાર અને પ્રમાણિક પુરૂષોની દેખ રેખ નીચે પ્રતિજ્ઞાપુર્વક આપવામાં આવશે. માટે આવો રૂડો લાભ મેળવવામાં બેદરકાર નહી રહેવાની અમે સર્વ દેશ બાંધવોને આગ્રહપુર્વક વિનંતી કરીએ છીએ.

દરેક ગ્રાહકે પોતાનું નામ, ઠામ, ગામ, જીલ્લો, અને કેટલી નકલ તે ચોખા અક્ષરે લખવું. તેમજ પોતાનું ઠેકાણું બદલાય કે તુરત ખબર આપવી. સઘળી જાતનો કાગળ પત્ર નીચેના શીરનામે ચલાવવો.

એલ, એમ, ચુનીલાલ એન્ડ કંપની.

મેહેશાણા.



જાહેર ખબર.

એજંટ.

મેહેસાણા—જૈન સુધારક મંડળીના મેનેજર શા. નગીનદાસ બાપાલાલ પાસેથી.

વિશનગર—સા. ફતેચંદ પુંજીરામ ઠે. બજાર.

અમદાવાદ—શા. ચુનીલાલ પ્રેમચંદ મેહેતાની કંપની ઠે. ત્રણ દરવાજા પાસે.

ઊંઝા.—શા. વાડીલાલ મગનલાલ એન્ડ કંપની. ઇંગ્લીશદવા, બુકશેલર અને કમીશન એજંટ.

અથવા મેહેસાણામાં કર્તા પાસેથી રોકડી કીંમતે મળી શકશે.

મેહેસાણા. } **એલ, એમ, ચુનીલાલ એન્ડ કંપની.**